# 21

## બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત

***15/8/1314 શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર હેલ્પલાઈન થકી ફ્રીઝ થયેલ બેંક એકાઉન્ટમાં નિર્દોષ નાગરિકોના કુલ કેટલા બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવેલ છે, | (૧) |

| વર્ષ | અનફ્રીઝ કરેલ બેંક એકાઉન્ટની સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૪ થી તા.૩૧/૧૨/૨૪ સુધી | ૨,૪૭,૫૮૭ |
| તા.૦૧/૦૧/૨૫ થી તા.૩૧/૧૨/૨૫ સુધી | ૩૭,૧૯૨ |
| કુલ | ૨,૮૪,૭૭૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા માટે અરજી કરવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે, કે કેમ | (૨) હા, બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ઓનલાઇન પોર્ટલ બનાવવામાં આવેલ છે. જેમાં  નાગરિકો બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ઓનલાઇન અરજી કરી શકે છે. |
| (૩) જો હા, તો નાગરિકોને તેનો શું ફાયદો થાય છે, અને | (૩) ઓનલાઇન પોર્ટલની વ્યવસ્થા હોવાથી અરજદાર જાતે જ કોઇપણ સ્થળેથી કોઈ પણ સમયે બેંક એકાઉન્ટ અનફ્રીઝ માટે અરજી કરી શકે છે. અરજદારે રૂબરુ હાજર રહેવાની જરૂરિયાત રહેતી નથી અને બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવી શકે છે. |
| (૪) અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી કર્યા બાદ તેનું સ્ટેટસ જાણવા કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ? | (૪) હા, બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી કર્યા બાદ તેનુ સ્ટેટસ જાણવા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની કચેરી ખાતે ૦૭૯–૨૩૨૫૦૭૯૮ ટેલીફોન પર કોલ કરી માહિતી મેળવી શકે છે તેમજ વોટ્સએપ નંબર ૭૮૬૧૮૯૪૯૦૩ પર મેસેજ કરીને બેંક ખાતુ ખોલાવવા કરેલ અરજી બાબતે સ્ટેટસ જાણી શકે છે. |

-----------------------------